**ત્રીજા એડી.સેસન્સ જજ સાહેબની કોર્ટમા, મુ.વંથલી, જી.જુનાગઢ**

GJJN220000882026

અરજી દાખલ તારીખ ૧૧–૦૩–૨૦૨૬
અરજી રજી.તારીખ. ૧૧–૦૩–૨૦૨૬
ફેંસલ તારીખ ૨૫ –૦૬–૨૦૨૬
વ્યતિત સમય ૧૬–૦૩–૦૦૦૦

ફો.પ.અ. નંબર: ૩૯/૨૦૨૬
આંક:–૮

શ્રી સરકાર.

(બાંટવા પોલિસ સ્ટેશન) અરજદાર.

**:–: વિરૂધ્ધ :–:**

સવિતાબેન વલ્લભભાઇ કુંવરદા

ઉ.વ.૫૨, ધંધો–મજૂરી, ધર્મે–હિન્દુ,

રહે.ડો.આંબેડકરનગર, બિલખા રોડ,

જુનાગઢ, તા.જી.જુનાગઢ . સામાવાળા

**બાબતઃ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩(૩) મુજબ સામાવાળાના જામીન રદ્દ કરવા.**

**અરજદાર તરફે પી.પી.શ્રી એન.કે.પુરોહીત.**

**સામાવાળા તરફે વ.શ્રી જે.એ.વાઘેલા.**

**:–: ઠરાવ :–:**

(૧) હાલના કામના સામાવાળા સામે બાંટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૬૨૫૦૧૪૦/૨૦૨૫ હેઠળ બી.એન.એસ કલમ ૬૪(૨)(એમ), ૭૮(૨), ૩૫૧(૩),૫૪ તથા પોક્સો એક્ટની કલમ ૪,૫(એલ),૬,૮,૧૨,૧૭ મુજબ ગુનો નોંધાયેલ છે. આરોપીને અટક કરી જેલ હવાલે મોકલવામાં આવેલ અને બાદમાં અત્રેની કોર્ટ દ્વારા ફો.પ.અરજી નંબર ૧૬૬/૨૦૨૫ ના કામે તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજ શરતોને આધીન જામીન ઉપર મુકત કરેલ. અરજદારનું એવુ કથન છે કે, સામાવાળાને જામીન ઉપર મુક્ત કરતા સમયે  જામીનની શરતો પૈકી શરત નં.૬ મુજબ સામાવાળાએ ગુનાના કામે જામીન અરજીના હુકમથી ત્રણ મહીના સુધી થતા સુધી દર અંગ્રેજી મહીનાની ૧ થી ૫ તારીખ સુધીમાં બાંટવા પોલીસ સ્ટેશને હાજરી પુરાવવાની હતી પરંતુ સામાવાળાએ આ શરતનો ભંગ કરેલ છે, જે બાબતે પોલીસ સ્ટેશનના રજીસ્ટરમાંથી ખરાઈ કરી પી.એસ.ઓ.એ દાખલો આપેલ છે. આથી સામાવાળાએ જામીન ઉપર મુક્ત થતા સમયે મુકેલ શરતનો ભંગ કરેલ હોય સામાવાળાના જામીન રદ્દ કરવા અરજ કરેલ છે.

(૨) અરજદારે આ અરજી કરતા સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. બાદ પક્ષકારોને વકીલશ્રીઓની રજુઆતો સાંભળેલ છે.

(૩) ઉપરોક્ત રીતે પક્ષકારોની રજુઆતો તથા રેકર્ડ વંચાણે લેતા અરજદારે તેમની અરજીના સમર્થનમાં શરતી મુક્તિ રજીસ્ટરના સંબંધીત પાનાની ખરી નકલ રજુ કરેલ છે જેમાં સામાવાળાએ સદર ગુનાના કામે મુક્ત થતા જામીનની શરત મુજબ પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવેલ નથી તે ફલીત થાય છે. જોકે ગુનાના કામે ટ્રાયલના કામે સામાવાળા હાજર રહેતા નથી તેવો અરજદાર તરફે સમગ્ર અરજીમાં કેસ રજુ કરેલ નથી. નામદાર સુપ્રીમ કોર્ટે *Sheikh Irshad @ Monu vs State of Maharashtra, 2025 LawSuit (SC) 1652*

ના ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે ચાર્જશીટ થયા બાદ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજરી આપતા આરોપી સામે માત્ર પોલીસ સ્ટેશનમાં હાજરી ન આપવાના કારણે જામીન રદ કરી શકાય નથી. આ કામે સામાવાળા સામે ચાર્જશીટ થઇ ગયેલ છે તેમજ સામાવાળા કેસની કાર્યવાહી દરમ્યાન નિયમીત હાજર રહેલ છે. જામીન રદ કરવા માટે ટ્રાયલમાં ગેરહાજરી, પુરાવામાં હસ્તક્ષેપ તથા સ્વતંત્રતાનો દુરુપયોગ જેવા ગંભીર કારણો હોવા જરૂરી છે. આમ માત્ર શરત નં.૬ ના ભંગના આધારે જામીન રદ કરવા યોગ્ય કારણ જણાતુ નથી. આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:–: હુકમ :–:**

- અરજદારની સામાવાળાના જામીન રદ કરવાની અરજી નામંજુર કરવામાં આવે છે.સામાવાળાએ ભવિષ્યમાં ટ્રાયલ દરમ્યાન સ્વતંત્રતાનો દુરુપયોગ કરેલ હોવાનું જણાશે તો જામીન રદ કરવામાં આવશે.

આ હુકમ આજરોજ તા.૨૫, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ ૨૫–૦૬–૨૦૨૬. | સલીમ બી.મનસુરી. |
| વંથલી. | ત્રીજા એડી.સેશન્સ જજ,વંથલી. |
| | જીજે૦૦૬૯૮ |